

Title-Code:-GUJGUJ18109

(સોશ્યલ મિડીયા)

ગુજરાત આત્મીયતા

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી– હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી–હિમાબેન એચ. ઠાકોર

YEAR-04, ISSUE- 23,(SURAT), DATE-18/11/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૪, અંક-૨૩, (સુરત), તા.૧૮/૧૧/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 જલારામ જયંતી નિમિત્તે અન્નકૂટના દર્શન

3 જીવંત વીજ તારોના કારણે શેરડી-ઘઉંના પાકને વ્યાપક નુકસાન અને ખેડૂતોના જીવ જોખમાયા

4 વ્રતધારીઓએ વહેલી સવારે ઉગતા સૂર્યને અર્ઘ્ય આપ્યું, ચાર દિવસની પૂજા બાદ નિર્જળ વ્રતનું સમાપન

આપણું ભવિષ્ય સ્પર્ધા નહી, સહયોગથી નક્કી થાય... ASEAN સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સંબોધન



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસિયાન-ભારત શિખર સંમેલનમાં ભારત અને આસિયાન દેશો વચ્ચે વધુ સારા સહયોગ પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે, આ ક્ષેત્રનું ભવિષ્ય પરસ્પર સ્પર્ધાને બદલે સહયોગથી નક્કી થવું જોઈએ. પીએમ મોદીએ શાંતિ અને સ્થિરતાના મહત્ત્વ પર ભાર મૂક્યો. તેમણે લોકો વચ્ચેના સંબંધો મજબૂત કરવા અને ડાયરેક્ટ ફ્લાઇટ્સ વધારવા પર પણ ભાર મૂક્યો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ભારત અને આસિયાન દેશો વચ્ચે વધુ સારા સહયોગની અપીલ કરી છે. આસિયાન-ભારત શિખર સંમેલનને સંબોધિત કરતા તેમણે સ્પષ્ટ કર્યું કે આ ક્ષેત્રનું ભવિષ્ય પરસ્પર સ્પર્ધાને બદલે સહયોગથી નક્કી થવું જોઈએ. વડાપ્રધાને વૈશ્વિક અનિશ્ચિતતાઓના આ સમયમાં શાંતિ અને સ્થિરતાના મહત્ત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, 'ભારત અને આસિયાન દેશો મળીને વિશ્વની આશરે એક-ચતુર્થાંશ વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે, તેથી આપણું ભવિષ્ય પરસ્પર સ્પર્ધાને બદલે પરસ્પર સહયોગથી નક્કી થવું જોઈએ. આપણી પાસે આ લક્ષ્ય મેળવવા માટે પૂરતું સામર્થ્ય અને મક્કમ સંકલ્પ બંને છે અને આપણે સૌ સાથે મળીને આ ક્ષેત્રને શાંતિ તથા સ્થિરતાનું પ્રતિક બનાવી શકીએ છીએ.'

પીએમ મોદીએ જણાવ્યું કે, 'વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં લોકો વચ્ચેના સંબંધો મજબૂત કરવા માટે ૧૦૦થી વધુ પહેલ કરવામાં આવી છે. આ ઉપરાંત આશરે ૨૫૦ કિવક ઇમ્પેક્ટ પ્રોજેક્ટ્સ લોન્ચ કરવામાં આવ્યા છે અને ૧૦,૦૦૦ કેપેસિટી બિલ્ડિંગ શિકોલરશિપ આપવામાં આવી છે.' પીએમ મોદીએ ભારત અને આસિયાન દેશો વચ્ચે વધતી કનેક્ટિવિટીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'ભારત અને નવ આસિયાન દેશો વચ્ચે ડાયરેક્ટ ફ્લાઇટ્સ અને વધતુ પ્રવાસન ક્ષેત્ર બંને વચ્ચેની મજબૂત ભાગીદારીને દર્શાવે છે. આ વર્ષે કોઈપણ આસિયાન દેશની આ મારી ત્રીજી મુલાકાત છે, જે ભારત માટે આસિયાનના વિશેષ મહત્ત્વને સાબિત કરે છે.' વડાપ્રધાને 'આસિયાન કમ્યુનિટી વિઝન ૨૦૪૫' અને વર્ષ ૨૦૪૭ સુધીના 'વિકસિત ભારત'ના વિઝન વચ્ચેના તાલમેલનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ બંને લક્ષ્યોને હાંસલ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ભારત આસિયાનની એકતા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આ શિખર સંમેલન ભારત અને આસિયાન વચ્ચેની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને નવી ઊંચાઈઓ પર લઈ જશે અને એક સુરક્ષિત, સમાવેશી તથા સમૃદ્ધ હિંદ-પ્રશાંત ક્ષેત્રના નિર્માણમાં યોગદાન આપશે.

આ ઉપરાંત, ગુરુવારે એક અન્ય કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, 'કૃષિના આધુનિકીકરણ, ખેતીને સ્માર્ટ બનાવવા અને ખેડૂતોને આર્થિક રીતે સશક્ત બનાવ્યા વગર 'વિકસિત ભારત'નું નિર્માણ અશક્ય છે.

એનવિડિયા વિવાદ પછી ભારત અમેરિકા વચ્ચે એઆઈ ક્ષેત્રે કરાર



એડવાન્સ એઆઈ મુદ્દે અમેરિકા-ચીન વચ્ચે ખેંચતાણ વધી રહી છે. ચીનના પ્રભુત્વને રોકવા અમેરિકાએ ૨૧ કંપનીઓને 'નેશનલ ચેમ્પિયન્સ'નો દરજ્જો આપ્યો છે. ભારત સહિત જાપાન, ઓસ્ટ્રેલિયા, ઇઝરાયેલ, બ્રિટન જેવા દેશો અમેરિકાની આગેવાની હેઠળની વૈશ્વિક પહેલમાં જોડાયા છે. આ સમજૂતી અંઈ સપ્લાય ચેઇનની સુરક્ષા અને ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે કરવામાં આવી છે.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) ની દોડમાં ચીનના પ્રભુત્વને રોકવા માટે ભારત અને અમેરિકા સહિત વિશ્વના ઘણા દેશોએ વ્યૂહાત્મક પગલું ઉઠાવ્યું છે. ભારત મહત્ત્વની એઆઈ ટેકનોલોજી અને સપ્લાય ચેઇનની સુરક્ષા માટે અમેરિકાની આગેવાની હેઠળની નવી વૈશ્વિક પહેલમાં સામેલ થઈ ગયું છે.

સાનફ્રાન્સિસ્કો ડેક્લેરેશન ઓન ધ સિક્યોર ફાઉન્ડેશન્સ ઓફ એન્ડયોરિંગ પ્રોસ્પરિટી નામની ઐતિહાસિક સમજૂતીમાં અમેરિકા અને ભારત ઉપરાંત જાપાન, ઓસ્ટ્રેલિયા, ઇઝરાયેલ, બ્રિટન, દક્ષિણ કોરીયા, કતાર અને યુએઈએ સહી કરી છે. જર્મની, સ્વીડન, નેધરલેન્ડ અને યુરોપીયન પંચ પણ તેનો હિસ્સો બને તેવી આશા છે.

આ સમજૂતી એવા સંવેદનશીલ સમયમાં સામે આવી છે જ્યારે વોશિંગ્ટનમાં ચીનની એડવાન્સ એઆઈ ચિપ્સ સુધી પહોંચને લઈને ચિંતા વધી રહી છે. આ અંગે મળતા સમાચારો મુજબ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે તે કંપનીઓ સામે આકરી કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે, જેના પર એનવિડીયાની એડવાન્સ એઆઈ ચિપ્સ ગેરકાયદે મોકલવાની શંકા છે.ઉલ્લેખનીય છે કે જેન્સન હુઆંગના પ્રકરણને લઈને અમેરિકા-ચીન સામસામે આવી ગયા છે.

મા શબરીથી લઈ બિરસા મુંડાજી સુધી આદિવાસી સમાજનો વારસો



વાલોડ- આ અવસરે મિશન નાકા ખાતે ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી પરંપરાગત નૃત્ય અને વાજિંત્રોના તાલે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે ઉત્સાહભેર સહભાગી થઈને આદિવાસી સંસ્કૃતિને બિરદાવી હતી.

કાર્યક્રમ દરમિયાન 'જય જોહારના ગગનભેદી નારા સાથે સંબોધન કરતા નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડા સહિતના આદિવાસી ક્રાંતિવીરોએ જળ, જંગલ અને જમીનના અધિકારો માટે સંઘર્ષ કરીને આદિવાસી સમાજને જાગૃતતા અને સાચી ઓળખ અપાવી છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૧૫ નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ તરીકે ઘોષિત કરવાના નિર્ણયને વધાવતા કહ્યું કે, વનબંધુ કલ્યાણ અને પીએમ-જનમન જેવી યોજનાઓ થકી આદિવાસી વિસ્તારોમાં રસ્તા, વીજળી, પાણી, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી વિકાસ થયો છે.

છૂટક બાદ જથ્થાબંધ મોંઘવારીએ મૂકી માઝા! WPI ફુગાવો ૧૨.૨૯ ટકાએ પહોચ્યો, ઇંધણ અને વીજળીની કિમતોમાં ઊછાળો મોટું કારણ



દેશમાં સામાન્ય જનતા પર મોંઘવારીનો માર વધ્યો છે. ઓક્ટોબર ૨૦૨૬માં જથ્થાબંધ મોંઘવારી ૧૨.૨૯% પર પહોંચી, જે ૫૦ મહિનાનો ઉચ્ચતમ આંકડો છે. સપ્ટેમ્બરમાં તે ૧૧.૩૯% હતી. બળતણ, વીજળીના ભાવમાં ભડકો અને કાચા માલની મોંઘવારી મુખ્ય કારણ છે. છૂટક મોંઘવારી પણ ૬.૦૯% થતા RBIના નિયંત્રણ બહાર ગઈ છે. આનાથી EMI સસ્તા થવાની શક્યતા ઓછી થઈ છે.

દેશમાં સામાન્ય જનતા પર મોંઘવારીનો માર સતત વધી રહ્યો છે. ઓક્ટોબર ૨૦૨૬માં જથ્થાબંધ બજારની મોંઘવારી વધીને ૧૨.૨૯ ટકા પર પહોંચી ગઈ છે, જે અગાઉ સપ્ટેમ્બર મહિનામાં ૧૧.૩૯ ટકા હતી. એટલે કે માત્ર એક જ મહિનામાં જથ્થાબંધ મોંઘવારીમાં ૦.૯૦ ટકાનો સીધો વધારો થયો છે. ઓક્ટોબર ૨૦૨૨ પછી પહેલીવાર જથ્થાબંધ મોંઘવારી ૧૨ ટકાને પાર ગઈ છે, જે છેલ્લા ૫૦ મહિનાનો (લગભગ ૪ વર્ષથી વધુ સમયનો) સૌથી ઊંચો આંકડો છે.

મોંઘવારી વધવા પાછળનું સૌથી મોટું કારણ બળતણ (પેટ્રોલ, ડીઝલ, ગેસ) અને વીજળીના ભાવમાં થયેલો ભારે ઉછાળો છે. ઓક્ટોબરમાં બળતણ અને વીજળીની મોંઘવારી સપ્ટેમ્બરના ૨૫.૮૫ ટકાથી વધીને સીધી ૩૨.૮૪ ટકા થઈ ગઈ છે. આ ઉપરાંત કાચો માલ અને પ્રાથમિક ચીજવસ્તુઓ પણ મોંઘી થઈ છે, જેનો દર ૮.૬૭ ટકાથી વધીને ૯.૨૪ ટકા થયો છે. જોકે, થોડી રાહતની વાત એ છે કે ફેક્ટરીઓમાં બનતી તૈયાર વસ્તુઓની મોંઘવારી ૯.૭૬ ટકાથી ઘટીને ૯.૫૪ ટકા થઈ છે. સાથે જ ખાદ્ય ચીજોના જથ્થાબંધ ભાવમાં પણ નજીવો ઘટાડો નોંધાયો છે, જે ૮.૬૬ ટકાથી ઘટીને ૮.૫૮ ટકા પર આવ્યો છે.

ઓક્ટોબરમાં બળતણ અને વીજળીની મોંઘવારી સપ્ટેમ્બરના ૨૫.૮૫ ટકાથી વધીને સીધી ૩૨.૮૪ ટકા થઈ ગઈ છે.

મોંઘવારીની દહેશતથી બુલિયન માર્કેટમાં ગાબડું: ચાંદીમાં ૭૧૦૦, સોનામાં ૨૩૦૦ રૂપિયાનો કડાકો




ભારત અને અમેરિકામાં વધતી મોંઘવારી અને વ્યાજદર વધવાની શક્યતાએ સોના-ચાંદીના ભાવને અસર કરી છે. સ્થાનિક વાયદા બજારમાં સોનું ૨,૩૦૦ રૂપિયા તૂટીને ૧,૩૪,૩૮૫ રૂપિયા થયું, જ્યારે ચાંદીમાં ૭,૧૦૦ રૂપિયાથી વધુનો કડાકો બોલી ૧,૬૯,૧૯૪ રૂપિયા પ્રતિ કિલોગ્રામ નોંધાઈ. આંતરરાષ્ટ્રીય બજારોમાં પણ કિમતી ધાતુઓ ગગડી છે.

ભારતમાં છૂટક અને જથ્થાબંધ મોંઘવારી દરમાં થયેલા વધારા બાદ હવે અમેરિકામાં પણ ફુગાવો કાબૂ બહાર જઈ રહ્યો છે. આ વૈશ્વિક આર્થિક સ્થિતિને પગલે બંને દેશોમાં વ્યાજ દરો વધવાની પ્રબળ શક્યતા ઊભી થઈ છે, જેની સીધી અસર ન્યૂયોર્કથી લઈને ભારતીય બજારોમાં સોના-ચાંદીના ભાવ પર જોવા મળી છે. સ્થાનિક વાયદા બજારમાં સોનું ૨,૩૦૦ રૂપિયા સુધી તૂટ્યું છે, જ્યારે ચાંદીના ભાવમાં ૭,૧૦૦ રૂપિયાથી વધુનો તોતિંગ ઘટાડો નોંધાયો છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં પણ સોનું ૩૦ ડોલર પ્રતિ ઔંસથી વધુ ગગડ્યું છે અને ચાંદીમાં અંદાજે ૪ ટકાનો ઘટાડો થયો છે. દેશના વાયદા બજાર એટલે કે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર સોનાના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. શુક્રવારે ૧,૩૬,૭૦૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે બંધ થયેલું સોનું આજે સવારે ઘટાડા સાથે ૧,૩૫,૮૫૩ રૂપિયા પર ખૂલ્યું હતું. કારોબારી સત્ર દરમિયાન ભાવમાં ૨,૩૨૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામનો કડાકો બોલતા તે ૧,૩૪,૩૮૫ રૂપિયાની નીચી સપાટીએ પહોંચી ગયું હતું. બપોરે ૩:૩૦ વાગ્યાના આંકડા મુજબ, સોનું ૨,૦૫૫ રૂપિયાના ઘટાડા સાથે ૧,૩૪,૬૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર કારોબાર કરી રહ્યું હતું.

સોનાની સાથે-સાથે સ્થાનિક વાયદા બજારમાં ચાંદીના ભાવ પણ ધરાશાયી થયા છે. ગત સપ્તાહના અંતિમ કારોબારી દિવસે ૧,૭૬,૩૦૯ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર બંધ થયેલી ચાંદી આજે સવારે ઘટીને ૧,૭૨,૪૦૦ રૂપિયા પર ખૂલી હતી. દિવસ દરમિયાન ચાંદીમાં ૭,૧૧૫ રૂપિયા પ્રતિ કિલોગ્રામનો જંગી ઘટાડો નોંધાતા ભાવ ૧,૬૯,૧૯૪ રૂપિયાના સ્તરે સરકી ગયો હતો.





ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT



યુવતીએ સાથે રહેવાની ના પાડતા યુવકે આત્મહત્યા કરી-ઉમરપાડાના સટવાણમાં પ્રેમીયુગલના વિવાદમાં દુઃખદ અંત



બારડોલી- સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના સટવાણ ગામના ગમાણ ફળિયાની સીમમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. યુવતીએ અન્ય યુવક સાથે રહેવાની ના પાડતા લાગી આવવાથી ૨૧ વર્ષીય યુવકે આંબાના ઝાડ સાથે ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હોવાનું સામે આવ્યું છે. આ મામલે ઉમરપાડા પોલીસ મથકે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સટવાણ ગામના ગમાણ ફળિયામાં રહેતા અજયકુમાર તુકારામભાઈ વસાવા (૨૧) ને તાલુકાના જ એક ગામના યુવતી સાથે પ્રેમસંબંધ હતો અને બંને છેલ્લા બે માસથી સાથે રહેતા હતા. સમાધાન કે પંચાયત દ્વારા દાવો કરવા માટે યુવતીના ગામમાં વાતચીત કરવા જવાનું નક્કી થયું હતું. ત્યાં પહોચ્યા બાદ યુવતીના માતા-પિતાએ 'બંને છોકરાઓ સાથે વાત કર્યા પછી આગળ નિર્ણય કરીશું' તેમ જણાવ્યું હતું. તે દરમિયાન પંચ સમક્ષ હાજર રહેલી યુવતીને શબ્દોમાં એવું કહ્યું હતું કે, 'હું અજયભાઈ સાથે રહેવાની નથી.' આ સાંભળીને વડીલ માણસો પોતપોતાના ઘરે પરત ફર્યા હતા.

યુવતીએ પોતાની સાથે રહેવાની સ્પષ્ટ ના પાડી દીધાની વાત જ્યારે યુવક અજયકુમારને ખબર પડી, ત્યારે તેને આ વાત મનમાં ખૂબ જ લાગી આવી હતી. આ ગંભીર માનસિક આઘાતના પગલે તેણે પોતાની જાતે સટવાણ ગામના ગમાણ ફળિયાની સીમમાં ભિમસિંગભાઈ દાદિયાભાઈ વસાવાના ખેતરમાં આવેલા આંબાના ઝાડ ઉપર દોરડા વડે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે મૃતક યુવકના પિતા તુકારામભાઈ ધરમસિંગભાઈ વસાવાએ ઉમરપાડા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

જામનગર: જલારામ બાપાની જન્મજયંતીએ વિશાળ રોટલા બનાવી સજર્યો રેકોર્ડ, મહાઆરતી બાદ ભક્તોને પ્રસાદીરૂપે અપાયો



જામનગરના હાપા જલારામ મંદિરમાં બાપાની ૨૨૭મી જન્મજયંતિએ અનોખો રેકોર્ડ સર્જાયો. 'જ્યાં ટુકડો ત્યાં પ્રભુ ટૂંકડો' મંત્રને સાર્થક કરતા, ૧૦x૧૦ ફૂટનો મહાકાય રોટલો માત્ર ૨ કલાકમાં બન્યો. ૮૫ કિલો બાજરી, ૨૮ કિલો જુવાર અને ૨ કિલો ઘીથી બનેલો આ રોટલો મહાઆરતી બાદ ભક્તોને પ્રસાદી રૂપે અપાયો, જે આકર્ષણનું કેન્દ્ર બન્યો.

જલારામ બાપાની ૨૨ ૭મી જન્મજયંતીની ભક્તિભાવ પૂર્વક ઉજવણીના ભાગરૂપે જામનગર નજીક હાપા સ્થિત સુપ્રસિદ્ધ જલારામ મંદિરમાં અનોખી પ્રસાદી તૈયાર કરવામાં આવી હતી. જલારામ બાપાના 'જ્યાં ટુકડો ત્યાં પ્રભુ ટૂંકડો'ના મંત્રને સાર્થક કરતાં મંદિર ખાતે ૧૦x૧૦ ફૂટનો વિશાળ રોટલો તૈયાર કરીને રેકર્ડ સર્જવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ મહાકાય રોટલો માત્ર બે કલાકના ટૂંકા સમયમાં તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં ૮૫ કિલો બાજરી, ૨૮ કિલો જુવાર અને ૨ કિલો ઘીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિશાળ કદના આ રોટલાને જલારામ બાપાની જન્મજયંતીની પ્રસાદી તરીકે સાંજે મહાઆરતી બાદ ભક્તજનોને અર્પણ કરવામાં આવ્યો હતો.

આ વિશાળ રોટલો તૈયાર કરવાની સમગ્ર કામગીરીમાં હાપા જલારામ મંદિર ટ્રસ્ટના પ્રમુખ તથા તેમની સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. જલારામ બાપાના અન્નક્ષેત્ર અને સેવાભાવના મેસેજને ઉજાગર કરતી આ અનોખી પ્રસાદી ભક્તોમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

તહેવારો પૂર્ણ થતાં જ પોલીસ બેડામાં કરાયા મોટા ફેરફાર

ગ્રામ્ય પોલીસમાં ૫૭ કર્મચારીની સાગમટે બદલીથી ખળભળાટ



બારડોલી- સુરત જિલ્લા પોલીસ વડા (SP) રાજેશ ગઢિયાએ દિવાળીના તહેવારો પૂર્ણ થતાં જ વહીવટી સરળતા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બનાવવાના હેતુથી જિલ્લા પોલીસ બેડામાં મોટાપાયે આંતરિક બદલીઓનો ગંજીપો ચીપ્યો છે. જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી દ્વારા બહાર પાડવામાં આવેલા કચેરી આદેશ મુજબ, જિલ્લાના વિવિધ પોલીસ મથકો અને શાખાઓમાં ફરજ બજાવતા કુલ ૫૭ પોલીસ કર્મચારીઓની બદલીના હુકમ કરવામાં આવ્યા છે.

આ બદલી યાદીમાં અનામ અને આર્મ પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર , કરક્ષક, તેમજ ડ્રાઈવર પોલીસ કોન્સ્ટેબલ કક્ષાના કર્મચારીઓનો સમાવેશ થાય છે. ૫૭ કર્મચારીઓ માંથી મોટાભાગના કર્મચારીઓની બદલી તેમની માંગણી મુજબ 'પદરખર્ચે' કરવામાં આવી છે, જ્યારે કેટલાક કર્મચારીઓની વહીવટી કારણોસર 'જાહેર હિત'માં બદલીનો હુકમ કરાયો છે.

જલારામ જયંતી નિમિત્તે અન્નકૂટના દર્શન





સુરત- ભાગળ વિસ્તારમાં આવેલ જલારામ મંદિર ભવ્ય રીતે જલારામ બાપાની જયંતી ઉજવણી કરવામાં આવી હતી. સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની આજે ૨૨૭ મી જન્મજયંતિ છે, ત્યારે સમગ્ર સુરત શહેરમાંથી હજારો ભક્તો બાપાનાં દર્શનાર્થે ભાગળના જલારામ મંદિર દર્શન માટે પહોચ્યા હતા.

ભાગળ બાલાજી રોડ ખાતે આવેલ જલારામ મંદિરમાં જલારામ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા ૨૨૭ મી જન્મજયંતિ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જે મહા પ્રસાદનું આયોજન ભાવિક ભક્તો માટે કરવામાં આવ્યું હતું તમે સાથે ભવ્ય અન્નકૂટના દર્શન. વહેલી સવારથીજ જલારામ ભક્તો મંદિર પરિસરમાં લાઈન લગાવી હતી.

તાતીથૈયા સોનીપાર્ક પાસે યુવકનો મૃતદેહ મળી આવ્યો:મોતનું સાચું કારણ જાણવા પોલીસે કાર્યવાહી શરૂ કરી



બારડોલી- પલસાણા તાલુકાના તાતીથૈયા ગામ પાસે સોનીપાર્કથી શિવાંજલી તરફ જતા રસ્તા નજીક આવેલી એક ખુલ્લી જગ્યામાંથી ૩૪ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. યુવકનું મોત કોઈ બીમારીના કારણે થયું હોવાનું પ્રાથમિક તબક્કે અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ મામલે કડોદરા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તાતીથૈયા ગામના ભવાની કોમ્પ્લેક્સમાં રહેતા અને મૂળ ઉત્તરપ્રદેશના કાનપુરના વતની જીતુકુમાર શ્રીરામ ચૌધરી (ઉ.વ. ૩૫) દ્વારા કડોદરા જીઆઇડીસી પોલીસ મથકમાં આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું હતું કે, તેમના મિત્ર જિતેન્દ્રસિંહ વીરસિંહ રાજાવત (ઉ.વ.૩૪, રહે. શિવ સંકુલ, તાતીથૈયા અને મૂળ રહે. ઉમરીગામ, જિ. ભીંડ, મધ્યપ્રદેશ) ગત તારીખ ૧૫ નવેમ્બરના રોજ સવારે ૮:૩૦ વાગ્યા પહેલાના સમયગાળા દરમિયાન તાતીથૈયા ખાતે સોનીપાર્કથી શિવાંજલી તરફ જતા રસ્તા પાસેની ખુલ્લી જગ્યામાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. કોઈ બીમારીના કારણે તેમનું મોત નીપજ્યું હોવાની વિગતો સામે આવી છે. આ ઘટનાની જાણ થતાં કડોદરા જીઆઇડીસી પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે પહોચી ગયો હતો અને મૃતદેહનો કબજો લીધો હતો.

પોલીસે જીતુકુમારની જાહેરાતના આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

મૃતકના પત્ની સહિત ૪ સ્વજનો ઘવાયા

અકસ્માતમાં જીવ ગુમાવનાર ૨ સ્વજનોના મૃતદેહ લઈને પરત ફરતા પરિવારને પણ નડ્યો અકસ્માત



બારડોલી- કહેવાય છે કે મુશ્કેલી જ્યારે આવે છે ત્યારે ચારે બાજુથી ઘેરી લે છે. આવી જ અત્યંત હૃદયદ્રાવક અને કાળજું કંપાવી નાખે તેવી ઘટના સુરત જિલ્લાના કીમ નજીકના બોલાવ ગામના છાંસટીયા પરિવાર સાથે બની છે. દિવાળીના તહેવાર દરમિયાન પરિવારના ૧૩ સભ્યો ઉત્તર ભારતના પ્રવાસે નીકળ્યા હતા. ચહેરા પર ખુશી અને યાદગાર ક્ષણોની આશા સાથે શરૂ થયેલી આ યાત્રાનો અંત આટલો કરુણ આવશે તેની કલ્પના પણ કોઈએ કરી નહોતી. ઉત્તર પ્રદેશમાં સર્જાયેલા ભયાનક અકસ્માતમાં પરિવારના બે સભ્યો (દિયર-ભાભી) ના મોત નીપજયા હતા, અને હજુ તો પરિવાર આ આઘાતમાંથી બહાર આવ્યો નહોતો ત્યાં મૃતદેહોને વતન લાવી રહેલી એમ્બ્યુલન્સ પણ ફરીથી ગંભીર અકસ્માતનો ભોગ બની હતી.

છાંસટીયા પરિવાર દિવાળીના વેકેશનમાં ઉત્તર ભારતના પ્રવાસે ગયો હતો. આ દરમિયાન ઉત્તર પ્રદેશમાં એક્સપ્રેસ-વે પર આગળ જઈ રહેલા ટ્રેલરના ચાલકે અચાનક બ્રેક મારતાં પાછળથી પુરઝડપે આવી રહેલી ટ્રાવેલ્સ મિની બસ ટ્રેલરના પાછળ ઘડાકાભેર ઘૂસી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે મીની બસનો આગળનો હિસ્સો ખુરદો થઇ ગયો હતો. જોરદાર ટક્કર લાગવાને કારણે બસમાં સવાર મુસાફરોમાં ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ હતી. આ ગમખ્વાર દુર્ઘટનામાં બોલાવ પેટ્રોલ પંપના માલિક અને ૫૩ વર્ષીય પ્રદીપસિંહ કિશોરસિંહ છાંસટીયા તેમજ તેમના ૫૮ વર્ષીય ભાભી જનકબેન કીરીટસિંહ છાંસટીયાનું મોત નીપજ્યું હતું. જ્યારે પરિવારના અન્ય ૧૦થી વધુ સભ્યોને ગંભીર ઈજાઓ પહોચતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રદીપસિંહ છાંસટીયાનો મૃતદેહ જે એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવી રહ્યો હતો, તેમાં તેમનાં પત્ની ઉમાબેન અને ભત્રીજી કિંટુકુમારી સહિતના સ્વજનો સવાર હતા. બંને એમ્બ્યુલન્સ કીમ તરફ પરત ફરી રહી હતી, ત્યારે આગ્રાથી આશરે ૪૦ કિલોમીટર દૂર ફરી એક વખત ક્રુદરત ક્રૂર બની હતી.

ઉત્તર પ્રદેશમાં એક્સપ્રેસ-વે પર આગળ જઈ રહેલા ટ્રેલરના ચાલકે અચાનક બ્રેક મારતાં પાછળથી પુરઝડપે આવી રહેલી ટ્રાવેલ્સ મિની બસ ટ્રેલરના પાછળ ઘડાકાભેર ઘૂસી ગઈ હતી.

થરાદ સિવિલ હોસ્પિટલની પોલ ખુલી: ૧ જ બેડ પર ૨-૨ દર્દીઓની સારવાર, પરિવારજનોમાં ભારે રોષ



રાજ્યમાં આરોગ્યના દાવાઓ વચ્ચે થરાદ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની દુર્દશા સામે આવી છે. બેડની અછતને કારણે એક જ પલંગ પર બે દર્દીઓને સારવાર આપવાની ફરજ પડી રહી છે. આ દ્રશ્યો સામે આવતા નાગરિકોમાં ભારે રોષ ફેલાયો છે. બે અલગ બીમારીવાળા દર્દીઓને સાથે રાખવાથી ચેપ લાગવાનું જોખમ વધે છે. હોસ્પિટલ તંત્ર તાત્કાલિક બેડની વ્યવસ્થા કરે તેવી લોકમાગ ઉઠી છે.

રાજ્યમાં એક તરફ આરોગ્ય ક્ષેત્રે વિકાસના મોટા-મોટા દાવાઓ થઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ સરહદી વિસ્તારની સરકારી હોસ્પિટલોમાં દર્દીઓની દુર્દશા અને સ્થાનિક વહીવટી તંત્રની ઉદાસીનતાના દર્શન થઈ રહ્યા છે. થરાદની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓના ઘસારા વચ્ચે તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે, જ્યાં પૂરતી સુવિધાના અભાવે એક જ પલંગ પર બબ્બે દર્દીઓને સુવડાવીને સારવાર કરવાની ફરજ પડી રહી છે. આ દ્રશ્યો સામે આવતા સારવાર અર્થે આવતા દર્દીઓ અને સમગ્ર પંથકના નાગરિકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

આ દ્રશ્યો સામે આવતા સારવાર અર્થે આવતા દર્દીઓ અને સમગ્ર પંથકના નાગરિકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

થરાદ સિવિલ હોસ્પિટલમાં મંગળવારની સવારથી જ બેડની ભારે અછત પ્રવર્તી રહી છે. આ દરમિયાન એક એવી ગંભીર ઘટના સામે આવી છે, જેણે હોસ્પિટલના વહીવટ અને કાર્યપદ્ધતિ સામે મોટા સવાલો ઊભા કર્યા છે. થોડા સમય પહેલાં જ જેમના પર હુમલો થયો હતો તેવા દર્દીને જે પલંગ પર સારવાર અર્થે રાખવામાં આવ્યા હતા, તે જ પલંગ પર અન્ય એક દર્દીને પણ સુવડાવી દેવામાં આવ્યા છે. તબીબી દ્રષ્ટિએ પણ આ સ્થિતિ અત્યંત જોખમી સાબિત થઈ શકે તેમ છે. હોસ્પિટલમાં એક જ બેડ પર બે અલગ-અલગ બીમારી ધરાવતા દર્દીઓને સાથે રાખવાથી એકબીજાનું ઈન્ફેક્શન (ચેપ) લાગવાનું મોટું જોખમ રહેલું છે. દર્દીઓ સાજા થવાને બદલે વધુ બીમાર પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હોવા છતાં હોસ્પિટલનું જવાબદાર તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

તંત્રી લેખ.....

હિન્દુત્વ એક જીવન પદ્ધતિ અને જ્ઞાનરૂપી વેદો તેનો આધાર



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

હિન્દુત્વ એક સંસ્કૃતિ છે. હિન્દુત્વ એક લાઇફ સ્ટાઇલ છે. એક જીવન પદ્ધતિ છે તેવું હવે ભારતની અદાલતો પણ કહેવા માંડી છે, છતાંય ઘણા ભારતીયો હિન્દુત્વને એક ધર્મ કે મોટો સંપ્રદાય સમજીને તેનાથી અંતર રાખે છે. સનાતનધર્મી સિવાય બાકીના તમામ ધર્મો અને સંપ્રદાયોના લોકો સેકડો વર્ષોથી હિન્દુસ્તાનમાં રહેતા હોવા છતાં આ હિન્દુત્વ શબ્દથી જાણે અભડાતા હોય એવો વ્યવહાર કરે છે. ખરેખર, આ દેશની કમનસીબી છે. ભારતમાં અલગ અલગ ભાષા અને ધર્મો અસ્તિત્વ ધરાવે છે. વળી આ દરેક ધર્મોમાં -પાછા સંપ્રદાયો, ફિરકાઓ, ફાંટાઓ અને જૂથો તો ખરાં જ. આ દરેક પ્રકારના સમૂહો પોતાની અલગ અલગ ઓળખાણો ઊભી કરવા અને જાળવી રાખવાના સતત પ્રયાસો કરે છે. આને લઇને મતભેદ, સંઘર્ષ, ઝઘડા અને હિંસા પણ થાય છે. દેશમાં અમુક એવાં પરિબળો પણ કામ કરતાં રહે છે જેમને ભારતની પ્રજા એક થાય એમાં રસ નથી હોતો. તેઓ સંપ અને શાંતિને ગૌણ સ્થાન આપી માત્ર પોતાની પક્ષીય, સંકુચિત હિતોને પોષે તેવી રીતિઓ અખત્યાર કરે છે. વિવિધતામાં એકતા શોધવાને બદલે આ લોકો કોમ-કોમ વચ્ચે વૈમનસ્ય કેમ ઊભું થાય તેની ફિરાકમાં હોય છે.

આવા સંજોગોમાં ભારતમાં જે લોકો શાંતિ, સંપ અને વિકાસ ઇચ્છતા હોય, પછી તે કોઇ પણ ધર્મ કે કોમના હોય , બધાએ આગળ આવવું પડશે. એક થવું પડશે. હિન્દુસ્તાનમાં રહેતી દરેક વ્યક્તિએ હિન્દુત્વને ધર્મ તરીકે નહીં, પણ એક જીવન પદ્ધતિ તરીકે જોવું પડશે. તો જ સમાનતા સંભવ છે. હિન્દુ હોય કે મુસ્લિમ, ખ્રિસ્તી હોય કે પારસી, બૌદ્ધ હોય કે જૈન, શિવપંથી હોય કે વૈષ્ણવ, સવર્ણ હોય કે દલિત સહુએ આપસી મતભેદોને ભૂલીને એક થવું પડશે. કોઇ પણ ધર્મોના અનુયાયીઓએ માત્ર પોતાના ધર્મગુરુઓની વાતનું આંધળું અનુકરણ ન કરતાં, સમગ્ર દેશના હિતમાં વિચારવાની કે કામ કરવાની નીતિ અખત્યાર કરવી પડશે. હિન્દુસ્તાનની હજારો વર્ષ જૂની સંસ્કૃતિને માત્ર ધર્મ કે સંપ્રદાય ન સમજતાં તેનો એક જીવન પદ્ધતિ તરીકે સ્વીકાર કરીને જીવવાથી સમાનતાનો માર્ગ મોકળો થશે. પહેલાં મારો દેશ અને દેશની સંસ્કૃતિ, ત્યાર બાદ હું ને મારો સંપ્રદાય એ નીતિ રાખવાથી જ સાચા અર્થમાં દેશની અને દેશવાસીઓની પ્રગતિ થઇ શકે એમ છે.

વર્ષો પહેલાં જ્યારે સૃષ્ટિની ઉત્પત્તિ થઇ ત્યારે જન્મેલા માનવ સહિત તમામ પશુપંખીઓ કુદરતી જીવન જીવતાં હતાં, પણ માણસને ભગવાને વિકસિત મગજ અને બુદ્ધિ આપ્યાં એટલે તેને આ સૃષ્ટિના રહસ્યોની જાણવાની તાલાવેલી થઇ. એ સમયના માણસો અર્થાત્ આપણા પૂર્વજોએ તપ, ધ્યાન અને સંશોધન કરીને આપણને જીવન સરળતાથી જીવી શકાય તેવા નિયમો આપ્યા જે વેદો-ઉપનિષદોમાં ગ્રંથસ્થ થયા. વેદોને સંસ્કૃતમાં ચા પણ કહેવાય છે. આ ચા અર્થાત્ ઇશ્વરે આપેલા જ્ઞાનને આત્મસાત્ કરનારા અને પાછળથી વેદોમાં ઉતારનારા ષિ કહેવાયા. સૃષ્ટિ અને સમાજના કલ્યાણ માટે જ સતત વિચારનારા અને મનન કરનારા મુનિ કહેવાયા. આ લોકોનો ઉદ્દેશ માનવ જાતને શિસ્તબદ્ધ અને નિયમબદ્ધ કરવાનો હતો, જેથી સૃષ્ટિ કોઇ પણ જાતના વિઘ્ન વગર સરળતાથી એક સરિતાની માફક તાલબદ્ધ થઇને વહેતી રહે. બૌદ્ધ, જૈન જેવા સંપ્રદાયો. માણસ અને ફક્ત માણસ જાતની ભલાઇ માટે જ વિચારવામાં આવતું.

ઈનોવા ક્રિસ્ટા તથા કીયા કેરેનસ કાર ભાડે થી મળશે
૭-સિટર ૮-સિટર


સંપર્ક-મો.96245 32454

સ્વચ્છતામાં નંબર-૧ થી બીજા ક્રમે કેમ ફેંકાયું સુરત?: ૩.૧૧,૦૦૦ કરોડના બજેટ વચ્ચે ૪૫૭ કચરા ગાડીની અછતનો ચોકાવનારો ખુલાસો, સામે માત્ર પેનલ્ટીનો સંતોષ

સુરત- દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે સતત નંબર-૧ રહેલા સુરત શહેરના સ્વચ્છતા રેન્કિંગમાં થયેલા ઘટાડા પાછળનું ચોકાવનારું સત્ય હવે બહાર આવ્યું છે. સુરત મનપાના ૩. ૧૧,૦૦૦ કરોડના તોતિંગ બજેટ અને કરદાતાઓ પાસેથી વસૂલાતા કરોડો રૂપિયાના સોલિડ વેસ્ટ ચાર્જ છતાં, શહેરમાં કચરો ઉપાડવાની પાયાની સુવિધા જ ખાડે ગઇ છે. સ્વચ્છતા લીગના પરિણામોમાં સુરત પ્રથમ ક્રમેથી સરકીને બીજા ક્રમે પહોંચી ગયું છે, જેની પાછળ ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની ગાડીઓની મોટી અછત જવાબદાર હોવાનું સામે આવ્યું છે. તાજેતરમાં યોજાયેલી મનપાની સંકલન બેઠકમાં ખુદ વહીવટી તંત્રએ સ્વીકાર્યું છે કે શહેરમાં કુલ ૧,૨૩૦ ગાડીઓની જરૂરિયાત સામે હાલમાં માત્ર ૭૭૩ ગાડીઓ જ ઉપલબ્ધ છે, એટલે કે પૂરી ૪૫૭ ગાડીઓની ભારે અછત પ્રવર્તી રહી છે.

પૂરતા વાહનોના અભાવે શહેરીજનોને ગંદકી વચ્ચે રહેવાની ફરજ પડી રહી છે. ખાસ કરીને રાંદેર ઝોનમાં ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની ગાડીઓ ૩થી ૪ દિવસના અંતરાલે આવતી હોવાથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે સ્થાનિક ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ પણ મનપા તંત્ર સમક્ષ ઉગ્ર નારાજગી વ્યક્ત કરી પત્ર લખી જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહીની માગ કરી હતી. આંકડાકીય વિગતો મુજબ, રાંદેર ઝોનમાં ૧૪૭ ગાડીઓની જરૂરિયાત સામે માત્ર ૭૮ ગાડીઓ જ કાર્યરત છે, જેથી ૭૫ ગાડીની સીધી ઘટ વર્તાઇ રહી છે.



સમગ્ર વિવાદ અને ગાડીઓની અછત અંગે કોર્પોરેટર હર્ષ મહેતાએ વાસ્તવિકતા સ્વીકારતા જણાવ્યું કે, ૨૦૨૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ડોર-ટુ-ડોર ગાર્બેજની ગાડીઓનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ શહેરની વસ્તી અને વિસ્તારમાં ખૂબ મોટો વધારો થયો છે. રાંદેર ઝોનમાં વણકલા, ચીચી, ઓખા અને જહાંગીરાબાદની નવી ટી.પી. સ્કીમો ખુલતા વિસ્તાર વધ્યો છે, જેની સામે હાલમાં માત્ર ૭૦ થી ૭૮ જેટલી ગાડીઓ જ ચાલે છે. તહેવારોના સમયમાં ડ્રાઇવરો અને સ્ટાફની અછતને કારણે કલેક્શન પ્રક્રિયા થોડી અનિયમિત બની હતી.

માત્ર રાંદેર જ નહીં, પરંતુ સુરતના તમામ ઝોનમાં કચરાની ગાડીઓની મોટી તંગી છે. મનપાના સત્તાવાર આંકડા મુજબ, ઉધના-એ ઝોનમાં ૧૭૨ની જરૂરિયાત સામે માત્ર ૬૦ ગાડીઓ હોવાથી સૌથી વધુ ૧૧૨ ગાડીઓની ઘટ છે. આ ઉપરાંત લિંબાયતમાં ૮૩, વરાછા (એ-બી) માં ૫૭, સેન્ટ્રલમાં ૫૫, કતારગામમાં ૫૩, અઠવામાં ૪૦ અને ઉધના-બી ઝોનમાં ૩૦ ગાડીઓની અછત છે. આમ, સમગ્ર શહેરમાં કુલ ૪૫૭ વાહનોની અછત હોવા છતાં તંત્ર દ્વારા અગાઉથી કોઇ નક્કર આયોજન કરવામાં આવ્યું ન હતું.

શહેરીજનો પાસેથી દર વર્ષે કરોડો રૂપિયાનો યુઝર ચાર્જ વસૂલતી સુરત મહાનગરપાલિકા ૪૫૭ ગાડીઓની અછત દૂર કરવામાં નિષ્ફળ રહી છે. સંકલન બેઠકમાં જ્યારે ધારાસભ્યોએ આ મુદ્દો ઉઠાવ્યો ત્યારે તંત્રએ ગ્લોબલ વેસ્ટ કંપની નામની કોન્ટ્રાક્ટર એજન્સીને માત્ર નોટિસ આપી દંડ ફટકાર્યો હોવાનો બચાવ કર્યો હતો. વાહનોની અછત હોવાની જાણ હોવા છતાં નવી ગાડીઓ મૂકવાને બદલે માત્ર પેનલ્ટી વસૂલીને સંતોષ માનવાની વહીવટી તંત્રની નીતિ સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

નિઝરમાં વીજ તારોથી ખેતરોમાં આગથી પાક ખાક

જીવંત વીજ તારોના કારણે શેરડી-ઘઉંના પાકને વ્યાપક નુકસાન અને ખેડૂતોના જીવ જોખમાયા

કુકારમુંડા- તાપી જિલ્લાના નિઝર તાલુકામાં ખેતરોમાંથી પસાર થતી વીજ લાઇન ખેડૂતો માટે આશીર્વાદ નહીં પરંતુ અભિશાપ સાબિત થઇ રહી છે. વીજ લાઇનોની ખામી કે તારના સંપર્કમાં આવવાથી દર વર્ષે ઊભા પાકમાં આગ લાગવાની ઘટનાઓ બને છે, જેના કારણે અન્નદાતાઓની હાલત કફોડી બની છે. આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે નિઝર તાલુકાના ખેડૂતોએ એકત્ર થઇને પ્રાંત અધિકારી અને ઉટઇક વિભાગની કચેરીમાં આવેદનપત્ર સુપરત કર્યું છે.

ખેડૂતોના જણાવ્યા અનુસાર આખા વર્ષની મહેનત પળભરમાં ખાક થઇ જાય છે. વીજ તારોમાંથી તણખલાં ઝરવાથી કે શોર્ટ સર્કિટના કારણે શેરડી અને ઘઉં જેવા તૈયાર પાકમાં અચાનક આગ લાગવાની ઘટનાઓ વારંવાર બને છે, જેથી ખેડૂતોને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવું પડે છે. ખેતરોની વચ્ચેથી પસાર થતા જીવંત વીજતારો અત્યંત જીવજોખમી બન્યા છે. વીજ કરંટ લાગવાથી અગાઉ ખેડૂતોના મૃત્યુ થયાની પણ અત્યંત દુઃખદ ઘટનાઓ સામે આવી છે. વારંવાર થતા પાક નુકસાન અને ખેતીના વધતા ખર્ચના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ પર ગંભીર અસર પડી રહી છે અને તેઓ દેવાના બોજ તળે દબાઇ રહ્યા છે.




ખેતરોમાંથી પસાર થતી વીજ લાઇનોમાં બ્લેક કોટિંગ કેબલ નાખવામાં આવે તો શોર્ટ સર્કિટ અને તણખલાંથી પાકમાં આગ લાગવાની ઘટનાઓ પર કાયમી ધોરણે અંકુશ આવશે.

બ્લેક કોટિંગ કેબલ નાખવાથી ફાયદો: ખેતરોમાંથી પસાર થતી વીજ લાઇનોમાં બ્લેક કોટિંગ કેબલ નાખવામાં આવે તો શોર્ટ સર્કિટ અને તણખલાંથી પાકમાં આગ લાગવાની ઘટનાઓ પર કાયમી ધોરણે અંકુશ આવશે. વીજ થાંભલા સ્થાનાંતરિત કરવાથી ફાયદો: ખેતરોની વચ્ચે આવેલ વીજ થાંભલાઓને ખેતરના શેઢા ઉપર ખસેડવાથી ખેતીકામ કરતી વખતે અકસ્માત અને વીજ કરંટ લાગવાનું જોખમ નાબૂદ થશે.

૧૦૦ ટકા વળતર મળવાથી ફાયદો: વીજ લાઇન કે તારની ખામીને કારણે જો પાકમાં આગ લાગે તો ખેડૂતોને ૧૦૦ ટકા યોગ્ય વળતર ચૂકવવામાં આવે, જેનાથી ખેડૂતોને આર્થિક સુરક્ષા અને ન્યાય મળશે. ખેડૂતોએ આવેદનના માધ્યમથી સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે ખેતરોમાંથી પસાર થતી વીજ લાઇનોમાં બ્લેક કોટિંગ કેબલ નાખવામાં નહીં આવે અને ખેતર વચ્ચેના વીજ થાંભલાઓ શેઢા પર ખસેડવામાં નહીં આવે, તો ખેડૂતો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

સુરતની હવામાં ઝેર, સવારે ૭ વાગ્યે AQI ૨૪૨ નોંધાયો

ડભોલી, અડાજણ, ભીમરાડ સહિત ૭ વિસ્તારમાં પ્રદૂષણ જોખમી કેટેગરીમાં



સુરત- હાલમાં દિવાળી વેકેશન ચાલી રહ્યું હોવાથી સુરત શહેર લગભગ ૫૦% ખાલી થઇ ગયું છે અને લોકો વતન કે ફરવા ઉપડી ગયા છે. આ ઉપરાંત શહેરના અંદાજે ૮૦% કાપડ ઉદ્યોગો અને સંલગ્ન યુનિટોમાં પણ વેકેશનના કારણે ઉત્પાદન બંધ છે. સામાન્ય રીતે ટ્રાફિક અને ઔદ્યોગિક ધમધમાટ ઘટવાથી હવા શુદ્ધ થવી જોઇએ, પરંતુ સુરતમાં તેનાથી તદ્દન વિપરીત સ્થિતિ જોવા મળી રહી છે. વેકેશન હોવા છતાં શહેરનો એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) ૨૨૬ નોંધાયો છે, જે 'અનહેલ્ધી' કરતાં પણ વધુ ગંભીર એટલે કે 'સિવિયર' કેટેગરીમાં આવે છે. પ્રદૂષણની બાબતમાં સુરતે અમદાવાદને પણ પાછળ છોડી દીધું છે. દેશના સૌથી પ્રદૂષિત શહેરોમાં નવી દિલ્હી અને કોલકાતા બાદ સુરતની હવા પણ ખરાબ જોવા મળી છે. ૧૬ નવેમ્બરના રોજ સવારે ૭:૦૧ વાગ્યે સુરતનો AQI ૨૪૨ સુધી પહોંચી ગયો હતો. નવેમ્બર મહિનાના આંકડા પર નજર કરીએ તો, ૯ નવેમ્બરે અચાઇ ૨૩૨ અને ૧૫ નવેમ્બરે ૧૯૫ નોંધાયો હતો, જે સતત વધી રહેલા પ્રદૂષણની ગંભીરતા દર્શાવે છે.

સુરતના વિવિધ વિસ્તારોના આંકડા ચોકાવનારા છે. ભીમરાડમાં સૌથી વધુ ૨૪૭ AQI નોંધાયો છે, જ્યારે આરોગ્ય નગરમાં ૨૩૩, ગુરુ રામ પાવન ભૂમિ વિસ્તારમાં ૨૩૧, ડભોલીમાં ૨૨૩ અને અડાજણ ગામમાં ૨૧૧ AQI સાથે હવા 'સિવિયર' શ્રેણીમાં પહોંચી છે.

નેશનલ હાઇવે પર મીરકોટ નજીક ૧૦૮ની સુવિધા ફાળવવા માગણી

ગામની આસપાસ થતા અકસ્માતોને લઈને મામલતદારને આવેદન


સોનગઢ- નેશનલ હાઇવે પર આવેલા ઉચ્છલ તાલુકાના મીરકોટ ગામમાં ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ ની સેવા કાયમી સુવિધા ઉપલબ્ધ કરાવવાની માગ સાથે ગ્રામજનો દ્વારા ઉચ્છલ મામલતદારને આવેદનપત્ર અપાયું હતું. મીરકોટના ગ્રામજનોનાં જણાવ્યા અનુસાર, મીરકોટ ગામ અને તેની આસપાસના વિસ્તારોમાં હાઇવે પર વારંવાર માર્ગ અકસ્માતો સર્જાતાં રહે છે. આ અકસ્માત સમયે ઇજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.



ગામની નજીક ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા સમયસર ઉપલબ્ધ ન થવાને કારણે દર્દીઓ અને ઇજાગ્રસ્તોને મોટી હાલાકી ભોગવવી પડે છે. આવેદનપત્રમાં વધુમાં જણાવાયું છે કે, મીરકોટ ગામ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો માટે ૧૦૮ ઇમરજન્સી સેવા અત્યંત આવશ્યક છે.

ગંભીર અકસ્માત કે અન્ય તબીબી કટોકટીના સમયે જો સમયસર એમ્બ્યુલન્સ મળી રહે, તો અનેક અમૂલ્ય જીવ બચાવી શકાય તેમ છે. આથી, ગ્રામજનોએ વહીવટી તંત્ર સમક્ષ મીરકોટ ગામમાં ૧૦૮ એમ્બ્યુલન્સની કાયમી ફાળવણી કરવા તેમજ આ વિસ્તારમાં થતા અકસ્માતોને ધ્યાનમાં રાખીને સત્વરે યોગ્ય કાર્યવાહી કરવાની ઉગ્ર માગ કરી છે. આ લોકહિતના કાર્ય માટેના આવેદનપત્ર સાથે મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહીને સહી કરી હતી. હવે જોવાનું એ રહેશે કે આરોગ્ય તંત્ર દ્વારા ગ્રામજનોની આ ન્યાયી માગણીને ધ્યાને લઈને કેટલી વહેલી તકે કોઈ સકારાત્મક નિર્ણય લેવામાં આવે છે કે કેમ ?

SC-ST અનામત બેઠકોનું રોટેશન ક્યારે અને કેવી રીતે થશે તે સરકાર નક્કી કરશે : સુપ્રીમ કોર્ટ



સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં SC-ST અનામત બેઠકોના રોટેશન મામલે મહત્ત્વનો આદેશ આપ્યો છે. ચીફ જસ્ટિસની ખંડપીઠે જણાવ્યું કે, કોઈપણ મતદાર કે ઉમેદવારને ચોક્કસ મતક્ષેત્ર SC-ST માટે આરક્ષિત કરાવવાનો બંધારણીય કે કાનૂની અધિકાર નથી. બેઠકોના રોટેશનની પદ્ધતિ અને સમયસીમા નક્કી કરવાનો અધિકાર સરકારનો છે. કોર્ટે 'રોટેશન નિયમ, ૨૦૨૫' ને પડકારતી અરજી ફગાવી દીધી છે.

મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં SC-ST અનામત બેઠકોના રોટેશન (બદલાવ) મામલે સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્ત્વનો અને સ્પષ્ટ આદેશ આપ્યો છે. ચીફ જસ્ટિસની આગેવાની હેઠળની ત્રણ જજોની ખંડપીઠે ચૂકાદો આપતા જણાવ્યું છે કે, કોઈપણ મતદાર કે ઉમેદવાર પાસે ચોક્કસ મતક્ષેત્રને જઈ-જઈ માટે આરક્ષિત કરાવવાનો કોઈ બંધારણીય કે કાનૂની અધિકાર નથી. બેઠકોનું રોટેશન કઈ પદ્ધતિથી અને કઈ સમયસીમામાં થશે, તેનો નિર્ણય લેવાનો સંપૂર્ણ અધિકાર સરકાર (કાર્યપાલિકા) ના શિરે રહેલો છે.

સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિ ચૂંટણીના 'સીટોના અનામતની પદ્ધતિ અને રોટેશન નિયમ, ૨૦૨૫' ના નિયમ ૧૨ ને પડકારતી અરજી સંપૂર્ણપણે ફગાવી દીધી છે. અરજદારની દલીલ હતી કે નવા સુધારા મુજબ રોટેશન ચક્ર નવેસરથી શરૂ કરવાથી ઓછી SC-ST વસ્તી ધરાવતા વિસ્તારોને ક્યારેય અનામતનો લાભ મળશે નહીં. જોકે, કોર્ટે સ્પષ્ટ કર્યું કે ૨૦૨૫ ના સુધારા પછીની આગામી ચૂંટણીને રોટેશન માટે પ્રથમ ચૂંટણી ગણવામાં કશું જ ખોટું નથી.

જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ અવલોકન કર્યું હતું કે બંધારણ અને નિયમો હેઠળ સ્થાનિક સંસ્થાની કુલ વસ્તીમાં SC-ST ના પ્રમાણના આધારે બેઠકોનું અનામત નક્કી થાય છે. કાયદો આરક્ષિત બેઠકોના રોટેશનની જોગવાઈ જરૂર કરે છે, પરંતુ તેની પદ્ધતિ અને સમયગાળો નક્કી કરવો એ સંપૂર્ણપણે સરકારના અધિકારક્ષેત્રમાં આવે છે. સુપ્રીમ કોર્ટે ઉમેર્યું હતું કે નિયમ ૧૨ અનામત કે રોટેશનના મૂળ સિદ્ધાંતોની વિરુદ્ધ નથી.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

પત્નીના પ્રેમીએ ઈંટથી હુમલો કરી યુવકને પતાવી દીધો

સારી નોકરીના બહાને બોલાવી ટીમ ટાળ્યું, પ્રેમિકા સાથે મારઝૂડ કરતો હોવાની અદાવતમાં હત્યા, CCTVની મદદથી ૯ દિવસે ભેદ ઉકેલાયો



કામરેજ- સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ઉભેળ ગામે રામપીરની દરગાહ નજીક ગૌચરની જમીનમાંથી મળી આવેલી અજાણ્યા યુવકની લાશનો ભેદ ઉકેલવામાં કામરેજ પોલીસ અને સુરત ગ્રામ્ય એલસીબીની ટીમને સફળતા મળી છે. મૃતકની ઓળખ રાજકોટની કંપનીમાં કામ કરતા અને મૂળ કડોદરા વિસ્તારમાં રહેતા ૩૧ વર્ષીય બબલુ પ્યારેલાલ સૈની તરીકે થઈ છે.પોલીસેઆ હત્યા કેસમાંમૃતકની પત્નીના પ્રેમી શ્રીરામ સુંદરલાલ પાંડેની ધરપકડ કરી છે.

ગત ૮ નવેમ્બરના રોજ ઉભેળ ગામના દાદિયા ફળિયા પાછળ ગૌચરના મહોણિયા વધામાં રામપીરની દરગાહની દિવાલ પાસેથી એક યુવકની ડિકમ્પોઝ હાલતમાં લાશ મળી આવી હતી. મૃતદેહ અત્યંત ખરાબ હાલતમાં હોવાથી ઓળખ કરવી મુશ્કેલ હતી, પરંતુ શરીર પર ઈજાનાં નિશાન જણાતા. પોલીસે પ્રથમ અકસ્માત મોતનો ગુનો નોંધી પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં માથામાં ગંભીર ઈજા અને શરીર પર થયેલી અન્ય ઈજાઓને કારણે શોક તથા વધુ પડતા રક્તસ્રાવથી મોત થયું હોવાનું ખુલતા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ હત્યાનો ગુનો નોંધ્યો હતો.

ઘટનાની ગંભીરતાને પગલે કામરેજ પોલીસ ઇન્સ્પેક્ટર આર.બી. ગોજિયા અને સુરત ગ્રામ્ય એલસીબી ઇન્સ્પેક્ટર એન.જી. પાંચાણીની આગેવાનીમાં અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરાઈ હતી. ઘટનાસ્થળ નજીકથી મળેલી એક ટી-શર્ટ પર લખેલા કંપનીના નામના આધારે પોલીસે રાજકોટ સ્થિત કંપનીનો સંપર્ક સાધ્યો હતો. કંપનીના કર્મચારીઓને ફોટો બતાવતા મૃતકની ઓળખ બબલુ પ્યારેલાલ સૈની તરીકે થઈ હતી.

ઓળખ થયા બાદ પોલીસે મૃતકની પત્નીની પૂછપરછ, હ્યુમન ઇન્ટેલિજન્સ અને સીસીટીવી ફૂટેજની તપાસ કરતાં મહત્ત્વની કડી મળી હતી. ફૂટેજમાં ૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ એક શખ્સ બબલુને હીરો સીડી ડીલક્સ મોટરસાઇકલ નંબર GJ-05-NC-1776 પર બેસાડીને ઉભેળ તરફ લઈ જતો દેખાયો હતો. આ શખ્સની ઓળખ શ્રીરામ સુંદરલાલ પાંડે તરીકે થતાં પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.

મૃતક- બબલુ પ્યારેલાલ સૈની (ઉં.વ. ૩૧, રહે. મહેશ ડાઇનિંગ મિલ, શિવાનંદ નગર, તાતીથૈયા ગામ, કડોદરા)

આરોપી- શ્રીરામ સુંદરલાલ પાંડે (ઉં.વ. ૩૩, હાલ રહે. વી.કે. રેસિડેન્સી, હલધરૂ ગામ, કામરેજ; મૂળ રહે. મુબારકપુર, થાણા બારાસગવર, જિલ્લો ઉન્નાવ, ઉત્તર પ્રદેશ)

શ્રી સત્ય સાંઈ હોસ્પીટલ બારડોલી ખાતે યોગા ક્લાસ નું આયોજન કરાયું





કોસંબાના તરસાડીમાં તસ્કરોનો આતંક

એક જ રાતમાં ૪ થી ૫ બંધ મકાનોને બનાવ્યાં નિશાન, સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી

માંગરોળ- સુરત જિલ્લાના કોસંબા પોલીસ મથકની હદમાં આવેલા તરસાડી વિસ્તારમાં તસ્કરો બેફામ બન્યા છે. ગત રાત્રે તસ્કરોએ અભિષેક પાર્ક, સાંઈ વિલા અને શનિપાર્ક સહિતની અલગ-અલગ સોસાયટીઓમાં બંધ મકાનોને નિશાન બનાવ્યાં હતાં. એક જ રાતમાં ૪થી ૫ જેટલાં બંધ ઘરોના તાળાં તોડી તસ્કરો લાખોની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. એકસાથે અનેક મકાનોમાં ચોરીની ઘટનાઓ સામે આવતાં સ્થાનિક રહીશોમાં ફફડાટ ફેલાયો છે.

અભિષેક પાર્ક સોસાયટીમાં એક પરિવારના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. ઘરમાં પ્રવેશ કર્યા બાદ તસ્કરો સોનાનું મંગળસૂત્ર, સોનાની બુટ્ટીઓ, ચાંદીના સાંકળા અને રોકડ રકમ સહિતની કિંમતી ચીજવસ્તુઓ ચોરી ગયા હતા. સવારે આસપાસના રહીશોએ ઘરના દરવાજા ખુલ્લા અને અંદરનો સામાન વેરવિખેર જોયા બાદ ચોરીની ઘટનાની જાણ થઈ હતી.

ઘટનાની જાણ થતાં જ કોસંબા પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે અસરગ્રસ્ત મકાનો અને સોસાયટીમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતાં તસ્કરોની હિલચાલ કેદ થયેલી હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસ સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોની ઓળખ કરી તેમને ઝડપી પાડવા માટે તપાસ તેજ કરી છે.

તરસાડી વિસ્તારમાં એક જ રાતમાં ૪ થી ૫ બંધ મકાનોમાં ચોરીની ઘટનાઓ બનતાં સ્થાનિક રહીશોમાં ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. તસ્કરોને વહેલી તકે ઝડપી પાડવા તેમજ વિસ્તારમાં રાત્રિના સમયે પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

ANILDARBAR
Mo: 97242 60058
વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...
મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!
ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ખાંડ નિયામકના પરિપત્ર સામે શેરડી પકવતા ખેડૂતોમાં વિરોધ

બીજી મિલના કાર્યવિસ્તારમાં શેરડી કાપવા પર રોક, નિયમ ભંગ કરનાર મંડળી સામે કાર્યવાહી થઈ શકે



બારડોલી- ખાંડ નિયામક દ્વારા ૨૯-૧૦-૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા નવા પરિપત્રને પગલે શેરડી કાપણીના નિયમો કડક બનાવવામાં આવ્યા છે. પિલાણ સીઝન ૨૦૨૬-૨૭ દરમિયાન એક સહકારી શુગર મિલ બીજી મિલના કાર્યવિસ્તારમાંથી શેરડી કાપી શકશે નહીં. આ નિર્ણય સામે બારડોલી સહિતના શેરડી પકવતા વિસ્તારોમાં ખેડૂતોમાં વિરોધ જોવા મળી રહ્યો છે. ખેડૂતોના મતે, શેરડી કાપણીના સમયગાળા દરમિયાન આ નિયમોને કારણે તેમને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

પરિપત્ર મુજબ, કોઈ શુગર મિલ અન્ય મિલના કાર્યવિસ્તારમાં શેરડીની માપણી કે અન્ય પ્રવૃત્તિ કરશે તો તેની સામે કાર્યવાહી થઈ શકે છે. નિયમોનો ભંગ કરનાર સહકારી મંડળીની મેનેજમેન્ટ કમિટી અને જવાબદાર અધિકારીઓ સામે પણ પગલાં લેવાની ચીમકી આપવામાં આવી છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ ૭૬ (ઇ) હેઠળ જવાબદારોને હોદ્દા પરથી દૂર કરવાની કાર્યવાહી પણ થઈ શકે છે.

ખેડૂતોનો આક્ષેપ છે કે આ પરિપત્રથી તેઓ પોતાની મરજી મુજબ કઈ સુગર ફેક્ટરી કે ગોળના કોલાને શેરડી વેચે તેવા અધિકાર પર નિયંત્રણ આવી શકે છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, જમીની સ્થિતિ અને ખેતીના બદલાતા સમીકરણોને ધ્યાનમાં લીધા વિના ગાંધીનગરથી નક્કી કરવામાં આવતા કાર્યવિસ્તારના નિયમો વ્યવહારુ નથી.

સુરત જિલ્લામાં સૌથી વધુ સહકારી શુગર ફેક્ટરીઓ હોવા છતાં શેરડીના જથ્થામાં ઘટાડો થતાં મિલોને પિલાણ માટે પૂરતી શેરડી મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. નેશનલ હાઈવે-૪૮ અને ૫૩, એક્સપ્રેસ-વે તથા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે હજારો એકર ખેતીની જમીન સંપાદિત કરવામાં આવી છે.

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર
ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી
બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

કડોદરા સહિતના વિસ્તારોમાં છઠ વ્રત પૂર્ણ થયું

વ્રતધારીઓએ વહેલી સવારે ઉગતા સૂર્યને અર્ઘ્ય આપ્યું, ચાર દિવસની પૂજા બાદ નિર્જળ વ્રતનું સમાપન



પલસાણા (સુરત)- પલસાણા તાલુકાના કડોદરા સહિત આસપાસના વિસ્તારોમાં છઠ મહાપર્વની ઉજવણી થઈ. ચાર દિવસના વ્રતના અંતિમ દિવસે સોમવારે વહેલી સવારે વ્રતધારીઓએ ઉગતા સૂર્યને અર્ઘ્ય આપ્યું અને વ્રત પૂર્ણ કર્યું .બિહાર સહિત ઉત્તર ભારતનાં રાજ્યોમાંથી રોજગારી માટે સુરત જિલ્લામાં સ્થાયી થયેલા ઘણા પરિવારો ટિકિટની અછત અને મુસાફરીની મુશ્કેલીને કારણે વતન જઈ શક્યા નહોતા. તેમણે સુરત જિલ્લામાં જ છઠ મહાપર્વની ઉજવણી કરી.

કડોદરા નજીક વરેલી વિસ્તારમાં કીર્તિપ્રદા મિલ પાસે, નિલમ હોટલથી મહારાણા પ્રતાપ તરફ જતી નહેરના કિનારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ એકત્ર થયા હતા. વ્રતધારી મહિલાઓ અને પુરુષોએ પરંપરા મુજબ પૂજા કરી હતી. તેમણે અસ્ત થતા સૂર્યને અર્ઘ્ય આપ્યા બાદ સોમવારે સવારે ઉગતા સૂર્યને અર્ઘ્ય આપ્યું.વ્રતધારીઓએ પરિવારની સુખ-સમૃદ્ધિ, સંતાનોના સુખી જીવન, સારા સ્વાસ્થ્ય, લાંબા આયુષ્ય અને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાર્થના કરી હતી. તેઓ પૂજાની સામગ્રી, ફળ અને પ્રસાદ સાથે નહેરના કિનારે પહોંચ્યા હતા. ત્યાં છઠ્ઠી મૈયાના જયઘોષ અને ભક્તિગીતો ગવાયાં હતાં.

કડોદરા ઉપરાંત વરેલી, નૂરી મીડિયા, બગુમરા, તાંતીથૈયા અને જોળવામાં પણ છઠ મહાપર્વની ઉજવણી થઈ હતી. વિવિધ સ્થળોએ નહેરો અને છઠ ઘાટ પર શ્રદ્ધાળુઓએ સૂર્યની પૂજા કરી હતી. ચાર દિવસના ધાર્મિક અનુષ્ઠાનના અંતિમ દિવસે વ્રતધારીઓએ ઉગતા સૂર્યને અર્ઘ્ય આપીને છઠ્ઠી મૈયાની આરાધના કરી. આ સાથે નિર્જળ વ્રત સહિત ચાર દિવસનું અનુષ્ઠાન પૂર્ણ થયું.

વ્રતધારીઓએ પરિવારની સુખ-સમૃદ્ધિ, સંતાનોના સુખી જીવન, સારા સ્વાસ્થ્ય, લાંબા આયુષ્ય અને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાર્થના કરી


કન્સ્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454
ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)